**1230/Swati Shukla**

મોખા બિંદીયા : માનનીય અધ્યક્ષા મહોદયાશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માંગું છું

માનનીય મંત્રીશ્રી : માનનીય  અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માંગં છું કે આ યોજના હેઠળ દીકરીઓના જન્મદરમાં વધારો કરવા, દીકરીઓની આર્થિક અને સામાજીક સ્થિતિને મજબૂત કરવા, શિક્ષણમાં ડ્રોપ આઉટ રેશીયો ઘટાડવા અને બાળ લગ્નપ્રથા અટકાવવા તેમજ સમાજમાં સ્ત્રીઓના સ્થાનને મજબૂત કરવા તથા તેમને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે રાજય સરકાર દ્વારા વહાલી દીકરી યોજના ૨ ઓગસ્ટ, ૨૦૧૯થી અમલમાં આવેલ છે.

કુ. ખુશી વ્યાસ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માંગું છું કે વહાલી દીકરી યોજનાનો લાભ કોને મળ્યો છે અને તેની શું વિગતો છે?

માનનીય મંત્રીશ્રી : જવાબ..

પ્રશ્ન-૨

કુ. રીતીકા શર્મા :

માનનીય મંત્રીશ્રી : જવાબ

કુ. ગાયત્રી સથવારા  :

**1235/Prakash Rathod**

આરોગ્યમંત્રીશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, આ યોજના રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ ૨૦૧૩ની કલમ-૪ મુજબ અમલમાં છે.

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૩

નીતા ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે, તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કેટલી મહિલા આઇ.ટી.આઇ. આવેલી છે અને તેમાં કેટલી બેઠકો ઉપલબ્ધ છે?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ૩૦ સરકારી મહિલા આઇ.ટી.આઇ. કાર્યરત છેઅને કુલ ૯૦૯૬ બેઠકો અને જનરલની કુલ ૭૦,૯૮૯ બેઠકો પૈકી મહિલાઓની ૮૦૮૫ બેઠકો ઉપલબ્ધ છે.  મહિલા સિવાયની જનરલ આઇ.ટી.આઇ.માં ૨૪૩૨ બેઠકો મહિલા વીંગ તરીકે ઉપલબ્ધ છે.  આમ, કુલ ૧૧,૫૨૮ બેઠકો ફ્ક્ત મહિલાઓ માટે ઉપલબ્ધ છે.

ખુશી દત્તા : માનનીય અધ્યક્ષશ્રી હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે, આઇ.ટી.આઇ.માં મહિલાઓને અન્ય કયા કયા લાભો મળવાપાત્ર છે?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, આઇ.ટી.આઇ.માં તાલીમ મેળવતી મહિલા તાલીમાર્થીઓની આવક મર્યાદાને આધીન ડી.બી.ટી.ના માધ્યમથી રૂપિયા ૨૦૦ થી ૪૦૦ સુધીનું સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે.

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૪

પુજા પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે,

**1240/Sanjay Turakhia**

આરોગ્ય મંત્રીશ્રીમતી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, આ યોજના હેઠળ તારીખ ૩૧મી ડિસેમ્બર ૨૦૨૩ની સ્થિતિએ ૧૩.૬૬ લાખ કરતા વધારે મહિલાઓને વિકટ પરિસ્થિતિમાં  સલાહ, બચાવ અને માર્ગદર્શન માટે ૧૮૧ અભયમ હેલ્પ લાઇનની મદદ આપવામાં આવેલ છે.

પ્રશ્ન ક્રમાંક : ૫

શ્રી બીના ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, તા.૩૧-૧૨-૨૦૩૨ ની સ્થિતિએ માનવ વિકસતિ જાતિની કલ્યાણ હેઠળ સી.એમ. યશસ્વી યોજનામાં શું સહાય આપવામાં આવે છે?

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દ્વારા પૂછવામાં આવેલ પ્રશ્નનો જવાબ આપતા પહેલા સી.એમ. યશસ્વી યોજનછા શુંછે તેના વિષે જણાવવા માગુ છું.

બાબત ક્રમાંક : ૨

માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૪

1245/Manisha Shukla

માનનીયમંત્રીશ્રીઃ  માનનીય અધ્યક્ષશ્રી,  આજે આપણે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ

પંચાયત મંત્રીશ્રીઃ માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં

1250/Jitendra Patel

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાષ્ટ્રની દૃષ્ટિએ જોતાં ૫૦ ટકા અનામત, આ કાયદાનો સ્વીકાર અને તેને લગતી જોગવાઇઓ કરેલી હોય દેશના રાજ્યોની અગ્રિમ  હરોળમાં આ ગુજરાત આવવાનું છે. દરેક બાબતમાં આપણે એક રોલ મોડલ બનીને રહ્યા છીએ. આ બીલ માનનીય મંત્રીશ્રી જે લઇને આવ્યા છે તેને મારું હ્દયપૂર્વક સમર્થન આપું છું. આ બીલને આ ગૃહ સર્વાનુમતે સ્વીકાર કરે તેવી વિનંતી કરું છું.

**શ્રી ભુપેન્દ્રભાઇ રજનીકાંત પટેલ**

1255/Jayshukh Hingu

**શ્રીમતી ભાનુબેન મનોહરભાઇ બાબરીયાઃ (મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી)** મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર અને વિધાનસભાના સંયુક્ત ઉપક્રમે આજનો આપણો આ કાર્યક્રમ તેજસ્વીની વિધાનસભા, આ તેજસ્વીની વિધાનસભાના આપણા કાર્યક્રમમાં આપણી વચ્ચે ઉપસ્થિત ગુજરાત વધાનસભાના અધ્યક્ષ આદરણીય શંકરભાઇ ચૌધરી સાહેબ, આપણા ગુજરાત રાજયના મૃદુ અને મકકમ એવા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ, આપણા વિધાનસભાના ઉપધ્યક્ષ આદરણીય  જેઠાભાઇ, વિભાગના સચિવશ્રી કે.કે. નિરાલા તેમજ  પ્રેક્ષક ગેલરીમાં અહીંયા ઉપસ્થિત સર્વ મહેમાનશ્રીઓ અને વહાલી દીકરીઓ. સર્વ પ્રથમ તો આપ સર્વને રાષ્ટ્રીય બાલિકા દિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ.

1300/Vipul Trivedi

**શ્રીમતી ભાનુબેન મનોહરભાઇ બાબરીયા (ક્રમશઃ)**

**દરેક દીકરીએ અત્યારે જે પર્ફોર્મન્સ કર્યુ છે તે ખૂબ સરસ કર્યુ છે તેના માટે થઇને તમને બધાને ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવું છું, અભિનંદન પણ પાઠવું છું. દીકરીઓ માટે કહવાનુ મન થાય છે**

**"વિર્ધાતાના નવનિર્માણની કળાકૃતિ છે તું, એક દિવસ તો તારા અસ્તિત્વની ઉજવણી કર તું.**

**જીવન આખું વિતાવ્યું બીજાઓના સ્વપ્નો પૂરાં કરવા, એક દિવસ તો તારા પોતાના સ્વપ્નાઓને મુકતમને ઉડવા દે તું.**

**તારી ઉત્તમ ઉડાન આગળ, ગગન પણ લાગે નાનું, તારી વિશાળા પાંખોને હેઠળ આખુ વિશ્વ તો જીત તું. "**

**ત્યારે આજના દિવસની હું ખાસ વાત કરું તો આપણાં મુખ્યમંત્રીશ્રી સાથે વિભાગની કામગીરી બાબતની ચર્ચા થતી હતી ત્યારે સાહેબે એવુ સૂચન કર્યુ કે દીકરીઓ માટે કંઇક એવો કાર્યક્રમ થવો જોઇએ કે દીકરીઓને લાઇફ ટાઇમ તેમના જીવનમાં યાદ રહે એવા કંઇક કાર્યક્રમનું આયોજન કરો ત્યારે યાદ આવ્યુ કે ૨૪મી જાન્યુઆરી નજીક આવી રહી છે અને રાષ્ટ્રીય બાલિકા દિવસ છે તો આ જ અવસરને આપણે દીકરીઓ માટે કેમ ના ઉજવીએ ? ત્યારે વિભાગના મંત્રી તરીકે એક વિચાર આવ્યો કે મારે આવો કંઇક કાર્યક્રમ કરવો છે અને વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી કે આપણે દીકરીઓ માટે કંઇક વિશેષ કાર્યક્રમ કરવો હોય તો શું કરીએ ? ત્યારે ઘણી બધી ચર્ચાઓના અંતે એવો વિચાર આવ્યો કે સમગ્ર ગુજરાતની બાલિકાઓને આપણી સાથે જોડીએ અને જોડવાનું શ્રેષ્ઠ માધ્યમ હતુ ગુજરાત વિધાનસભા. આ ગુજરાત વિધાનસભાના ગૃહમાં દીકરીઓ માટે એક કલાકનો સમય આપીએ અને એ સમયમાં દીકરીઓ પોતાનું અહીંયા પર્ફોર્મન્સ રજૂ કરે એટલા માટે થઇને આપણું આ વિધાનસભાનું ગૃહ છે તે લોકશાહીનું મંદિર છે અને આ વાત મેં આપણાં ગુજરાતના વિધાનસભાના સ્પીકર સાહેબને મેં વાત કરી કે, સાહબે અમારે કંઇક આવો કાર્યક્રમ કરવો છે અને મને કહેતા ખૂબ જ આનંદ થાય છે, હર્ષ થાય છે કે સાહેબે એ વાતને સહર્ષ સ્વીકારી લીધી અને સાહેબે એવુ કહ્યું કે બહેન મહિલા અને બાળ કલ્યાણ વિભાગ ફકત**

**નહીં પરંંતુ વિધાનસભાના સંયુકત ઉપક્રમે આ કાર્યક્રમ કરીશું અને તમારે જયાં જે જરૂરિયાત હોય એ કહેજો અને આપણે સારામાં સારો કાર્યક્રમ થાય તેના માટે બધાજ સાથે મળીને ચિંતા કરીશું અને આજે આપણે આ કાર્યક્રમ જોઇ રહ્યાં છીએ કેટલુ સારું દીકરીઓ દ્રારા અહીંયા પર્ફોર્મન્સ કરવામાં આવ્યુ છે. ગુજરાત રાજયની મહિલા અને બાળ વિકાસ વિભાગ તરફથી ૧ ૩ જેટલી બાલિકા પંચાયતો બનાવવામાં આવી છે એ દીકરીઓ અત્યારે અહીંયા આવી છે. સાથે સાથે સમરસ અમદાવાદ ગર્લ્સ હોસ્ટેલ છે ત્યાંથી દીકરીઓ આવી છે, સાથે સાથે ગાંધીનગર અને આપણી બધીજ દીકરીઓ આમાં ભાગ લઇ શકે તે માટેનું આયોજન કરવામાં આવ્યુ સાથે સાથે ગુજરાતમાં કોર્પોરેશનમાં, મહાનગરપાલિકામાં જનરલ બોર્ડ મળે તે પણ દીકરીઓ દ્રારા થાય સાથે સાથે જિલ્લા પંચાયતમાં સામાન્ય સભા મળે તે પણ દીકરીઓ દ્રારા થાય અને આ જ રીતે ત્યાં ચર્ચા-વિચારણા થાય એવુ આજે એક સમયે એકી સાથે સમગ્ર ગુજરાતમાં આ કાર્યક્રમ થઇ રહ્યો છે અને ખૂબ સરસ રીતે સમગ્ર ગુજરાતમાં દીકરીઓ ભાગ લઇ રહી છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે થઇને મેં મારી કક્ષાએથી ગુજરાતના તમામ કલેકટરો, કમિશ્નર તથા ડીડીઓ સાથે વીસી કરી અને ખૂબ સારી રીતે આપણો આ કાર્યક્રમ સફળ થાય એના માટે થઇને અમે બધાય સાથે મળી અને મહેનત કરી અને તેનુ પરિણામ આજે આપણે જોઇ રહ્યાં છીએ. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ એ છે અને આ દેશના વડાપ્રધાન પણ હંમેશા ચાર બાબત ઉપર મુખ્યત્વે ભાર આપે છે. પહેલાં મહિલાઓ માટે, બીજુ યુવાનો માટે, ત્રીજુ ગરીબો માટે, ચોથુ કિસાનો માટે. આ ચાર બાબત ઉપર આપણાં દેશના વડાપ્રધાનશ્રી હર-હંમેશ જયારે વાત કરતા હોય છે ત્યારે અમને આ દીકરીઓ માટે કામ કરવાનો અવસર મળ્યો છે ત્યારે દીકરીઓના જીવનમાં યાદગાર દિવસ બને તેના માટે થઇને જયારે અમને આ સમય મળ્યો ત્યારે આ કાર્યક્રમના માધ્યમથી દીકરીઓમાં એક તો નેતૃત્વના ગુણ આવશે, દીકરીઓ આત્મનિર્ભર બનશે, સમાજમાં પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપી શકશે અને શ્રેષ્ઠ સમાજના નિર્માણમાં આ દીકરીઓની ભૂમિકા હશે ત્યારે આવનારા સમયમાં અમે પણ વધુને વધુ ગુજરાત રાજયમાં બાલિકા પંચાયત બનાવવા માગીએ છીએ.**

1305/Monika Soni

**શ્રીમતી ભાનુબેન મનોહરભાઇ બાબરીયા :** (ક્રમશ:) ત્યારે આવનાર સમયમાં અમે પણ ગુજરાત રાજ્યમાં વધુને વધુ બાલિકા પંચાયતો બનવવા માગીએ છીએ. આજે જે દીકરીઓ અહીં આવી છે એ તમામ દીકરીઓના શ્રેષ્ઠ ભવિષ્ય માટે શુભકામનાઓ સાથે મારી વાત પૂરી કરું છું. ભારત માતા કી જય.

**<Mi#/શ્રી ભુપેન્દ્રભાઇ રજનીકાંત પટેલ /#Mi> :** રાષ્ટ્રીય બાલિકા દિવસ નિમિત્તે તેજસ્વી વિધાનસભા કાર્યયક્રમમાં આપણા સૌ સાથે ગૃહમાં ઉપસ્થિત ગુજરાત વિધાનસભાના માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી, ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઇ ભરવાડ, મારા સાથી મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા, સચિવશ્રી કે.કે.નિરાલાજી, ઉપસ્થિત સૌ વહાલી દીકરીઓ, પ્રેસ મિડીયાના મિત્રો સૌને મારા નમસ્કાર. આજે હું એટલું તો ચોક્કસ કહી શકું કે વડાપ્રધાનશ્રીએ નારી શક્તિ પર વિશ્વાસ મૂકી લોકસભામાં જે બીલ રજૂ કર્યું છે એ પ્રમાણેનું વ્યક્તિત્ત્વ તૈયાર થઇ રહ્યું છે.  વિધાનસભામાં મારી પણ શરૂઆત થઇ હશે. ત્યારે એવું કહી શકાય કે એ વખતે તમારા જેટલા આત્મ વિશ્વાસથી અમે પણ વાત નહોતા મૂકી શકતા.  આજે મને સંતોષ થાય છે કે દીકરીઓ આગળ વધી રહી છે. માનનીય નરેન્દ્રભાઇ મોદીનો સંકલ્પ છે કે વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત બનાવવાનું છે. એના માટે વિકસિત ગુજરાત બનાવવું પડશે અને વિકસિત ગુજરાત બનાવવા માટે આપ સૌનો જે આત્મવિશ્વાસ છે એ જોતાં આપણે જે લીડ લઇ રહ્યા છીએ એમાં ગુજરાતને કોઇ તકલીફ નથી પડવાની. આપણે સૌથી પહેલાંં ગુજરાતને વિકસિત બનાવી દઇશું. વિશ્વ નેતા અને લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ નારી શક્તિના સામર્થ્યથી રાષ્ટ્રના વિકાસને ગતિ આપવા હરહંમેશ પ્રયાસો કર્યા છે. નારી શક્તિનું સામર્થ્ય આપણા શાસ્ત્રો, આપણી સંસ્કૃતિ અને પરંપરાઓએ પણ સ્વીકાર્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના કુશળ અને સક્ષમ નેતૃત્ત્વ હેઠળ મહિલાઓને રાજકીય ક્ષેત્ર પર મહત્ત્વનું સ્થાન પ્રદાન કરવામાં આવ્યું છે. લોકસભાના સ્પીકર તરીકે સુમિત્રા મહાજન અને દેશના વર્તમાન રાષ્ટ્રપતિશ્રી દ્રૌપદી મુર્મુજી જેવી નારી શક્તિના સામર્થ્ય પર વડાપ્રધાનશ્રીએ વિશ્વાસ મૂક્યો છે. દેશને પણ વડાપ્રધાનશ્રીની વચન પ્રતિબદ્ધતાની પ્રતીતિ બે દિવસ પહેલાં જ જોવા મળી છે. તેમના નેતૃત્ત્વમાં બે દિવસ પહેલાં જ સમગ્ર દેશ રામમય બનીને ૫૦૦ વર્ષ બાદ રામલલ્લાની ભવ્ય અને દિવ્ય પ્રાણ પ્રતિષ્ઠાનો સાક્ષી બન્યો છે. આ ક્ષણ દેશવાસીઓ માટે ઐતિહાસિક પ્રસંગ બન્યો છે એવી જ રીતે આજનો દિવસ પણ ગુજરાત વિધાનસભા માટે ઐતિહાસિક છે. ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી પસંદ થઇને આવેલી બાલિકાઓએ આજે તેજસ્વી વિધાનસભા રચી જનપ્રતિનિધિનું દાયિત્વ અદા કરવાની સાથે નારી શક્તિનું ગૌરવ કરવા જઇ રહી છે. જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે. આ પંક્તિની અનુભૂતિ સાથે ગુજરાત વિધાનસભા ગૃહ આજે ઐતિહાસિક પ્રસંગનું સાક્ષી બન્યું છે.

1310/S B Goswami

**શ્રી ભુપેન્દ્રભાઇ રજનીકાંત પટેલ (ક્રમશઃ)**

''નારી તું નારાયણી'' મંત્રને અનુસરતી અમારી સરકારે આજે રાષ્ટ્રીય બાલિકા દિવસ નિમિતે વિધાનસભા ગૃહમાં 'તેજસ્વિની વિધાનસભા' અને જિલ્લા પંચાયત તથા નગરપાલિકા કક્ષાએ પણ 'તેજસ્વિની પંચાયત'ના કાર્યક્રમ દ્વારા રાજ્ય વ્યાપી ઉજવણીની નવી પહેલ કરી છે. આજે આટલી મોટી સંખ્યામાં રાજ્યના વિધાનસભા ગૃહમાં ઉપસ્થિત તેજસ્વિનીઓને જોઇને ખૂબ ગર્વ અને આનંદની લાગણી અનુભવી રહ્યો છું. ગુજરાતમાં શાસનમાં મહિલાઓને શાસનની સરખી હકદાર ગણીને શ્રી નરેન્દ્રભાઇએ મહિલા શક્તિને ન્યુએજ પાવર તરીકે પ્રસ્થાપિત કરવાના અનેક અવસરો આપ્યા છે. પોતાના મુખ્યમંત્રીકાળ દરમિયાન નારી શક્તિની રાજકીય ભાગીદારી સુનિશ્ચિત કરવા જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં બહેનોને ૫૦ ટકા આરક્ષણની તક આપી છે. વડાપ્રધાનશ્રીએ તાજેતરમાં 'નારી શક્તિ વંદના અધિનિયમ' પસાર કરાવીને

દેશની લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં મહિલાઓને ૩૩ ટકા આરક્ષણ મળે તેવી વ્યવસ્થાઓ ઊભી કરી છે. શ્રી નરેન્દ્રભાઇએ નારી શક્તિને ભેટ આપેલા કાયદાઓનો લાભ આપ સૌને ભવિષ્યમાં મળવાનો છે. આજે તમે જે રીતે ગૃહનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છો તેમ ભવિષ્યમાં પણ તમે જનપ્રતિનિધિત્વ કરી શકશો. ગુજરાતની બહેનો ઘર જ નહીં ગામ, શહેર, નગર પંચાયત કે જિલ્લાની શાસન ધૂરા પણ સંભાળે છે. આપ સૌ નસીબદાર છો કે શ્રી નરેન્દ્રભાઇએ નારી શક્તિના સામર્થ્યને ઓળખ્યું છે. એટલું જ નહીં, ડીફેન્સ સેક્ટરમાં બાલિકાઓ માટે ભરતીના દ્વાર ખોલીને મહિલાની ભાગીદારી વધારી છે. આજે દેશની નારી શક્તિ શસ્ત્ર દળમાં સામેલ થઇને ફાઇટર પ્લેન ઉડાવી રહી છે. આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ વિધાનગૃહ અને સંસદગૃહને લોકશાહીના સર્વોચ્ચ મંદિર કહ્યા છે. પોલિટિકલ ડેમોક્રસી થી સોશિયલ ડેમોક્રેસી તરફ જવાનો માર્ગ એમણે દેશને ચીંધ્યો છે. આજે અહીં મુખ્યમંત્રી, વિધાનસભા અધ્યક્ષ, મંત્રી કે ધારાસભ્ય બની પોતાના પ્રશ્નો વિચારો અને રજૂઆત સાથે રજૂ કરવાની તક અને પ્લેટફૉર્મ દીકરીઓને મળ્યું છે. લોકશાહીના મંદિર સમા આ સંસદમાં લોકોના પ્રશ્નોને વાચા આપવાનું કામ થઇ રહ્યું હોય છે. 'તેજસ્વિની વિધાનસભા' પોલિટિકલ ડેમોક્રસી થી સોશિયલ ડેમોક્રેસીનો સંદેશો આપ સૌને આપશે તેવો મને વિશ્વાસ છે. સોશિયલ ડેમોક્રેસી સાથે ગુજરાતના સર્વગ્રાહી વિકાસની યાત્રાને પણ તમારે આગળ લઇ જવાની છે. સામાજિક, રાજકીય, વ્યાપાર-ઉદ્યોગ જેવા વિવિધ ક્ષેત્રોમાં નવી ઊર્જા, નવા સંકલ્પોથી સક્રિય બનવાની જવાબદારી તમારે લેવાની છે. અગાઉ પણ મેં કહ્યું કે આજનો દિવસ ઐતિહાસિક છે. આપણા રાષ્ટ્રગીત 'જન ગણ મન'ને વર્ષ ૧૯૫૦માં બંધારણ સભાએ ૨૪મી જાન્યુઆરીએ સ્વીકૃતિ આપીને રાષ્ટ્રગીત તરીકે માન્યતા આપી હતી. અખંડ રાષ્ટ્ર એકતાનો સંદેશ આપવા આ રાષ્ટ્રગીતનું ગૌરવગાન કરીને આપ સૌ ગુજરાત અને દેશવાસીઓની સેવા માટે પ્રેરણા મેળવશો તેવો મને વિશ્વાસ છે. દેશ/રાજ્યના વિકાસમાં મહિલાઓની લોકભાગીદારી અને સહયોગ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. તમે સૌ પણ આજની આ બાલિકા વિધાનસભામાંથી રાષ્ટ્ર વિકાસની ભાગીદારી માટે પ્રેરણા મેળવશો તેવા વિશ્વાસ સાથે વિરમું છું.

**1315/Nimisha Patel**

અધ્યક્ષશ્રી : પિતૃ વાત્સલ્ય ભાવ સાથે આ દીકરીઓને જાણે આશીર્વાદ આપતાં હોય એ જ પ્રમાણે માનનીય મુખ્યમંત્રીશ્રીએ વકતવ્ય આપ્યું. પોતાના પરિવારના વડીલ હોય એવા સહજ ભાવથી એમણે વકતવ્ય આપ્યું. આ કાર્યક્રમનું આયોજન એમનો સહયોગ ન હોત તો શક્ય બન્યું ન હોત. એમણે આઇડીયા તો આપ્યો પણ સહયોગ પણ આપ્યો. દીકરીઓને પ્રોત્સાહન મળે એ માટે અતિ વ્યસ્ત કાર્યક્રમોની વચ્ચેથી માનનીય મુખ્યમંત્રીશ્રી દીકરીઓને પ્રોત્સાહિત કરવા માટે આવ્યા એ બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલને હું આવકારું છું. આપણા માનનીય મંત્રીશ્રીએ અનેક વખત મિટીંગો કરીને, ફોલોઅપ લઇને વિભાગને એક્ટિવ રાખીને સંસ્થાઓ સુધી કો-ઓર્ડિનેસનનું કાર્ય કરી પ્રો-એક્ટિવ રોલ કર્યો છે એવા માનનીય મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાજી. ગુજરાત વિધાનસભાના માનનીય ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઇ ભરવાડ તમને બધાને સતત લાગણીથી જોતાં હતા અને કહેતાં હતા કે હવે દીકરીઓનો સમય આવ્યો છે. માનનીય સચિવશ્રી નિરાલાજી, વિધાનસભાના સૌ અધિકારી/કર્મચારી ગણ, વિભાગના અધિકારી/કર્મચારીશ્રીઓ, સચિવશ્રીઓ પણ આવ્યા છે. આપસૌ માટે આનંદની વાત એ છે કે , ગૃહમાં બેસનારા ધારાસભ્યશ્રીઓ આજે ગેલેરીમાં બેઠાં છે. તેઓ દીકરીઓને પ્રોત્સાહન આપવા માટે આવ્યા છે. એ જ પ્રમાણેની આખી ઓડિયન્સ એન.જી.ઓ. હોય, સમાજજીવનના કાર્યકર્તા બહેનો હોય, વિવિધ પ્રવૃતિ કરતી બહેનો હોય વગેરે આપના મોટિવેશન માટે આવ્યા છે. પત્રકાર મિત્રો પણ ચાલુ વિધાનસભાના ભાવથી જ આવ્યા છે. અધ્યક્ષશ્રીનો રોલ જોયાં પછી હવે કોઇ જગ્યાઓ ખાલી રહે એવું લાગતું નથી. એકદમ સરળતા અને સહજતાથી કામ કરતા હતા. કોન્ફિડન્સ ખૂબ જ સારો હતો. જાણે કે તમે પોતે જ ધારાસભ્ય કે મંત્રી હોવ અને પ્રશ્નો પૂછતા હોવ, જવાબ આપતા હોવ. જેમણે પ્રશ્નો નથી પૂછ્યા એ પણ ક્યારે હા પાડવી અને ક્યારે ના પાડવી એ માટે એકદમ અવેર હતા. એલર્ટનેસ ખૂબ સારી હતી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ કાર્યક્રમ દરેક શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકગણ નિહાળી શકે એ માટેની વ્યવસ્થા ગોઠવી છે. જે લોકો આ કાર્યક્રમ જોઇ રહ્યા છે તેઓ માનનીય મુખ્યમંત્રીશ્રીને આ પહેલ કરવા બદલ અભિનંદન આપતા હશે. આ કાર્ય અભિનંદનીય એટલા માટે છે કે, આપણે કેવી પરિસ્થિતિમાંથી ક્યાં સુધી પહોંચ્યા છીએ. આજે સંવિધાનની વાત નીચે સુધી પહોંચે, લોકશાહીની સંસદીય પ્રણાલિ લોકભોગ્ય બને અને એની અવેરનેસ નવી જનરેશનમાં આવે. કેટલા  કાર્યો થયા હોય એની ખબર જ ના હોય અને સોશિયલ મીડિયામાં કોઇ નાંખી દે કે આ નથી થયું. એ જોઇને કહે કે, હા બરાબર છે. એની નેરેટિવ બનતી હોય. તો એની બદલે આપણે પ્રત્યક્ષ રીતે કાયદો કઇ રીતે બનાવી શકીએ, પ્રશ્નનો ઉકેલ કઇ રીતે લાવી શકીએ એની અવેરનેસ  વિદ્યાર્થીઓને આવે. માત્ર અહીંયા બેઠાં છે એટલા જ નહીં પરંતુ, જેઓ નિહાળી રહ્યા છે તેઓ પણ. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે માનનીય મુખ્યમંત્રીશ્રીની સૂચના એવી છે કે આને નગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત સુધી આગળ પહોંચાડો. આ કાર્ય સંવિધાનની સેવા કરવાનું ખૂબ મોટું કાર્ય ગણાશે. આપણું બંધારણ, આપણા હક્ક અને આપણી ફરજોને લોકો સુધી પહોંચાડવાના કાર્યનું માધ્યમ આ વિધાનસભા બનશે. વિભાગના માનનીય મંત્રીશ્રીને પણ હૃદયપૂર્વક અભિનંદન આપું છું. એક સમય એવો હતો કે મહિલાઓના સશક્તિકરણની શરૂઆત થઇ. પહેલા દીકરીને દૂધ પીતી કરવાની પ્રથા હતી. દૂધના તપેલામાં દીકરીને ડુબાડી દેવામાં આવતી હતી. આ એક સામાજિક માન્યતા હતી. બીજી પણ એક સતિપ્રથા હતી. એ વખતે રાજારામ મોહનરાયે એક અભિયાન ચલાવ્યું હતું, એક આંદોલન ચલાવ્યું હતું.

**1320/S J Soni**

અધ્યક્ષશ્રી (ક્રમશઃ)
એ વખતે દીકરીને સતી નહીં થવા દઇએ, દીકરીને દૂધ પીતી નહીં થવા દઇએ અને આ અભિયાનથી નારી સશક્તિકરણની એક ખૂબ મોટી શરૂઆત થઇ. પરંતુ ગુજરાત જેવા રાજ્યમાં પણ દીકરીઓનો જન્મદર બહુ ઓછો હતો. ઘણા શહેરોમાં તો ૧૦૦૦ દીકરાની સામે દીકરીઓનો ૮૦૦ કરતાં પણ નીચો જન્મદર હતો. એવા સમયે રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઇ મોદી હતા. એમણે એ અભિયાનને એક અભિયાન તરીકે વાત કરી કે, હું જેવો આવ્યો છું અને જો દીકરીઓનો આ જન્મદર હોય તો નહીં ચાલે. એમણે એમના મુખ્યમંત્રી બન્યાના પહેલા જ વર્ષે કહ્યું કે આ ના ચાલે. આના માટે જનજાગૃતિનું અભિયાન ચલાવવું જોઇએ અને એમણે દીકરીને જન્મવાના અધિકાર છે તે માટે લોકજાગૃતિનું કામ કર્યું. કાયદાને પણ કડક કરીને  એમણે કહ્યું કે, આ પ્રમાણે ભ્રૂણમાં જો દીકરીની હત્યા થશે તો એના માટે કડકમાં કડક સજા કરવા માટેની જોગવાઇ કરવામાં આવી છે અને જેના કારણે હું માનું છું કે આજે પણ ઘણીબધી દીકરીઓ અહીંયા બેઠી છે.  જન્મતા પહેલા જ મૃત્યુ પામે એવી સ્થિતિમાંથી બહાર લાવવાનું કામ કર્યું છે. આજે દીકરીઓ જન્મી છે અને જન્મતાની સાથે ગૌરવવંતી પણ બની છે.  માન્યતા પણ કેવી હતી? દીકરીને ભણવા જવા માટે કહેવામાં આવતું કે

દીકરી તારે ભણીને શું કામ છે? કેટલાયે પરિવારોની માન્યતાઓને બદલવાનું  શાસક તરીકે કેટલું કામ કરી શકાય તે માટે એ વખતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ લોકજાગૃતિ માટે જિલ્લે-જિલ્લે કાર્યક્રમો કર્યાં અને દરેક જિલ્લામાં જઇને વાત સમજાવતા કે, શું કામ ભેદભાવ રાખો છો? દીકરો અને દીકરી બંને જમવા બેઠા હોય, દીકરાને દૂધ થોડું વધારે આપો, દીકરી તારે તો બેટા ચાલશે. કપડાં લાવવાના હોય તો પણ ભઈલાને આપો. બંને વચ્ચે સમાનતા રાખો આ વાત પણ એમણે મુકાવી. દીકરી એટલે સાપનો ભારો, દીકરી એટલે પારકી થાપણ, એવું નહીં એને બદલવું જોઇએ. દીકરી એટલે સાપનો ભારો નહીં, દીકરી એટલે પારકી થાપણ નહીં, દીકરી એટલે ઘરના આંગણાનો તુલસીનો ક્યારો, દીકરી એટલે મા-બાપના સુખનું ધાણું, દીકરી એટલે પવિત્રતાનું ઝરણું. આ બધી બાબતો રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને આજના દેશના પ્રધાનમંત્રી માનનીય મોદી સાહેબે એ વખતે મૂકી હતી. આપણે બધા જોઇએ તો એ ધ્યાનમાં આવે અને આના કારણે ઘણા મોટા પ્રમાણમાં એક લોકજાગૃતિનું કામ થયું છે. ધીમે -ધીમે દીકરી પણ દીકરાની જેમ જ છે, આ વાત પ્રસ્થાપિત થઇ છે. આજે તો કેવું ગૌરવ થાય છે? આટલી બધી દીકરીઓ જાણે રાજ્યના મુખ્યમંત્રીશ્રીને, દીકરીઓના સ્વરૂપે માં જગદંબા સાક્ષાત એમ કહેતી હોય કે ગુજરાતની પ્રગતિને કોઇ રોકી નહીં શકે. આ રીતના આશીર્વાદ આપતી હોય એ પ્રમાણેનો ભાવ સતત એક-એક બાબતમાં અહીંથી દેખાઇ રહ્યો છે. જેમ રામ જન્મ ભૂમિ ઉપર પ્રભુ શ્રી રામના મંદિરનું નિર્માણ થયું અને પ્રભુ શ્રીરામે આશીર્વાદ આપ્યા એવા જ આજે માં જગદંબા માનનીય મુખ્યમંત્રીશ્રીને ગુજરાતની પ્રગતિ માટે સતત આશીર્વાદ  આપી રહ્યા છે એવી અંદરની લાગણીઓ આપણને થાય છે. આ દશ્ય અલગ દેખાય છે. સંવિધાનની દષ્ટિ તો અલગ દેખાય છે, તમે આગળ વધીને પ્રગતિ કરશો એ તો દેખાય છે, આમાંથી જ ઘણા બધા ધારાસભ્યશ્રીઓ પણ બની શકે. આજે તો બધાને મેળ પડી ગયો છે. અહીંયા માનનીય મુખ્યમંત્રીશ્રીની પાસે જઇને કોઇ ટિકિટ માગે તો કેટલાયે લોકો પાસે જઇ ટિકિટ માગવાની, ટિકિટ માગ્યા પછી ખર્ચો કરવાનો, એ પછી બધી મહેનત કરવાની, કેટલા દિવસો સુધી દોડવાનું અને એમાં પણ પછી જિતાય કે નહીં તે નક્કી નહીં અને જિતાય તો પછી અહીંયા બેસાય. તમે તો આજે એમને એમ બેઠા છો. આજે તમે બધા ભાગ્યાશાળી છો. આજે માનનીય મુખ્યમંત્રીશ્રીએ કેવી ઉદારતાપૂર્વક આ કાર્યક્રમની વ્યવસ્થા કરી છે? એક અદભુત કહેવાય એવું કામ આજે તમારા બધા માટે થયું છે. હું તમને હ્દયથી ખૂબ શુભકામનાઓ પાઠવું છું અને તમે ખૂબ આગળ વધો, ખૂબ પ્રગતિ કરો અને આ વિધાનસભા પણ આજે ગૌરવ અનુભવે છે કે અહીંયા માં જગદંબાના સ્વરૂપ સાક્ષાત બહેનો બેઠા છે. આ ગુજરાતનું ભવિષ્ય છે.  જયારે એમ વાત કરતા હતા કે ડેટા જનરેશનમાં શું થશે? ડેલ્ટામાં શું થશે? ગામામાં શું થશે? હું તો માનું છું કે હવે આ બધી જનરેશન એડવાન્સ જ હશે અને જયારે મુખ્યમંત્રીશ્રી તરીકે માનનીય મોદી સાહેબ હતા અને  ૫૦ ટકાનું બિલ પસાર કરવાની એમણે વાત કરી,  તે વખતે વિરોધપક્ષના નેતાશ્રીએ પણ આજે જેવી વાત કરી છે બિલકુલ એવી જ વાત કરી હતી. તે વખતે કહ્યું હતું કે ચલાવશે કોણ? ચલાવવાનું કામ તો ભાઇઓ કરશે. હા, જે સમસ્યાઓ હતી એના પણ ઉકેલ ધીમે-ધીમે થવા માંડ્યા છે, કાયદા દ્વારા પણ કર્યા છે. હમણાં જ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કેટલાક સુધારા એ દિશામાં પણ કર્યા છે. ત્યાં એના નાણાંના અધિકારો આપવાની પણ વ્યવસ્થા કરી છે.  ટેકનોલોજી લાવીને, ટેકનોલોજીનો ઉપયોગ કરીને બહેનો પોતે સશક્ત તો બને પરંતુ સશક્તિકરણની સાથે સાથે બહેનોના માધ્યમથી વધુ પારદર્શિતા આવી શકે એની વાત પણ કરી છે. હવે સંસદમાં બિલ લાવીને,  લોકસભામાં સાંસદશ્રી તરીકે અને વિધાનસભામાં ધારાસભ્યશ્રી તરીકે બહેનોને ૩૩ ટકા એમનો અધિકાર મળે તે માટે અનામતની જોગવાઇ કરી છે.

**1325/Mahesh Ravani**

માનનીય અધ્યક્ષશ્રી (ક્રમશઃ)

અનામતની જોગવાઇ કરી છે. વિધાનસભામાં ધારાસભ્ય તરીકે અને લોકસભામાં◌ં. એવા જ વખતે તમે જયારે અભ્યાસ કરીને તૈયાર થશો અને એ જ વખતે આ કાયદો આવેલો હશે તો તમારા માટે ખૂબ સરળતા રહેશે. દેશના પ્રધાનમંત્રીશ્રી માટે પણ મને લાગે છે કે આભાર માનવો જોઇએ કે એમણે એક હિંમતવાળો નિર્ણય દેશની બહેનો માટે કર્યો છે. દેશની લોકશાહીની અંદર ૩૩ ટકા અનામત આપવાનું કામ બહુ અઘરું હોય. આ એક નવી ક્રાંતિની શરૂઆત થઇ છે અને એ ક્રાંતિના સૌથી વધારે લાભ આ દીકરીઓને મળશે. એની શરૂઆત આ પ્રશિક્ષણથી જાણે કે અહીંથી થઇ ગઇ છે. હવે ધીમે ધીમે ધીમે બાકી પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ફેલોશીપની પણ એક કલ્પના આપી છે. કે ધીમે ધીમે લીડર્સ પણ તૈયાર થાય. પ્રગતિનું કામ પણ આગળ વધે અને બાકીના લોકોને બન્ને બાબતે ગીવ એન્ડ ટેઇક જેને કહેવાય ને.  ધારાસભ્ય હોય તો તેને પણ મદદ થાય. એ કામ પણ કરે અને પ્રશિક્ષિત પણ બને. આ બન્નેનું કામ પણ સાથે સાથે લીધું◌ં છે. આ બધા કામો  આવનારા ઉજ્જવળ ભવિષ્ય માટેના અને સશક્ત ગુજરાત માટેના તેમજ સશક્ત હિન્દુસ્તાન માટેના છે. આ કાર્યક્રમ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અહીંયા ઉપસ્થિત છે. એમના ઘણા બધા કાર્યક્રમો છે, છતાં પણ પૂરતો સમય બેઠા. તમને બધાને સાંભળ્યા. તમને બધાને જોયા. આ રીતે જોવાનું ના બને. અમને બધા સાંભળતા હોય. હવે અમને ખબર પડી કે સાંભળવું પણ અઘરું હોય છે. એ માટે પણ માનનીય મુખ્યમંત્રીશ્રી અને સમગ્ર ટીમને હ્રદયથી ખૂબ ખૂબ અભિનંદન. ખૂબ ખૂબ ધન્યવાદ.

ભોજન માટેની પણ વ્યવસ્થા માનનીય મુખ્યમંત્રીશ્રીએ બધા માટે અહીં કરી છે. એટલે દીકરીઓ બધા જમીને જજો.

નાથબાવા મુક્તા જગન્નાથઃ◌ઃ   માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રી મહિલા અને બાળવિકાસ. તમામને અત્રે તેજસ્વીની વિધાનસભા કાર્યક્રમમાં ઉપસ્થિતિ બદલ હું તમામ દીકરીઓ વતી હ્રદયપુર્વક આભાર વ્યક્ત કરું છું.

વધુમાં આજે રાષ્ટ્રીય બાલિકા દિવસ નિમિત્તે ગૌરવવંતી દીકરીઓની તેજસ્વીની વિધાનસભા ખાતે ગૃહના સંચાલનની કામગીરી સોંપવાની પરવાનગી આપવા બદલ વિધાનસભાના માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી તથા કાર્યક્રમનો સંકલ્પ કરવા બદલ માનનીય મંત્રીશ્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાનો ખૂબ ખૂબ આભાર માનું◌ં છું.  ધન્યવાદ.

શ્રી કે. કે. નિરાલા (કમિશનર અને સચિવશ્રી- મહિલા અને બાળ વિકાસ વિભાગ)◌ઃ◌ઃ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી,   માનનીય ઉપાધ્યક્ષશ્રી અને ઉપસ્થિત તમામ બાલિકાઓ. આપના જિલ્લાથી જોડાયેલા, કોર્પોરેશનથી જોડાયેલી તમામ બાલિકાઓ, અધિકારી-પદાધિકારીશ્રીઓ,

મહિલા અને બાળ વિકાસ વિભાગ તરફથી હું તમામનો આભાર વ્યક્ત કરું છું કે આટલો સમય આપે આ બાલિકાઓનો આત્મ વિશ્વાસ વધારવા માટે સમય આપ્યો છે. પ્રેક્ષક દીર્ધામાં ઉપસ્થિત તમામ બાલિકાઓ, પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓનો પણ હું ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

સાથે એક વાત કહેવા માગું છું કે જે બહુ શોર્ટમાં છે. યહ બાલિકાઓ કે લીયે હે.

“ ના પૂછ કિ મેરી મંઝીલ કહાં હે? અભી તો સફર કા ઈરાદા કિયા હે.

ના હારુંગા હોંસલા, ચાહે કૂછ ભી હો જાયે.

યહ મૈને કીસી ઔરસે નહીં, ખુદસે વાદા કીયા હે.

આ સંદર્ભમાં આજનો જે પ્રોગ્રામ હતો એ પ્રોગ્રામને એશિયા બૂક ઓફ્ રેકોર્ડ અને ઇન્ડીયા બૂક ઓફ્ રેકોર્ડ પણ પ્રાપ્ત થયો છે. તો હું વિનંતી કરું છું કે આવીને આ રેકોર્ડ માનનીય મુખ્યમંત્રીશ્રીને આપવામાં આવે.

(આ તબક્કે મહિલા અને બાળ વિકાસ વિભાગના સુશ્રી પૂજા મકવાણા દ્વારા મુખ્યમંત્રીશ્રીને રેકોર્ડ સુપ્રત કરવામાં આવ્યો.)

ફરી એકવાર મહિલા અને બાળ વિકાસ વિભાગ તરફથી સૌ મહાનુભાવોને ખૂબ ખૂબ અભિનંદન અને ખૂબ ખૂબ આભાર. થેન્ક યુ.

(સૌએ પોતાના સ્થાન પર ઉભા થઇ રાષ્ટ્રગીતનું ગાન કર્યુ અને બપોરના ૧-૩૧ કલાકે કાર્યક્રમનું સમાપન થયું.)

**1330/Swati Shukla**

વિધાનસભા રવાણીભાઇમાં પતી ગઇ. ૧ે૨-૩૦

**1335/Prakash Rathod**

**1340/Sanjay Turakhia**

માનનીય અધ્યક્ષશ્રી,

..

..

આજનો વિધાનસભાનો કાર્યક્રમ પૂર્ણ થયો.